મ્યુ.જ.બો.ઠ.નં. ૨૯

જેતપુર નવાગઢ નગરપાલિકા,
'નગર સેવા સદન ' જેતપુર.
તા. ૨૬/૦૭/૨૦૧૮

: : સામાન્ય સભા : :

: ઠરાવ :

તા. ૨૬/૦૭/૨૦૧૮ ની સામાન્યસભાના એજન્ડાની કલમ ૧૮ અન્વયે શ્રી મહેશભાઈ ડોબરીયાની શ્રી ચંદ્રેશભાઈ વીછી ના ટેકાવાળી દરખાસ્ત રજુ થઈ કે,

સેની.જા.નં. ૨૪૩ તા. ૯/૭/૨૦૧૮ ના રિપોર્ટ અન્વયે ચર્ચા કરતા ચર્ચા અંતે દરખાસ્ત છે કે,

કેન્દ્રીય વન પર્યાવરણ અને કલાઈમેન્ટ ચેન્જ મંત્રાલય દવારા કચરા વ્યવસ્થાપન નિયમો – ૨૦૧૬ તા.૧૮/૩/૨૦૧૬ ના જાહેરનામા દવારા અમલીકરણ કરવા અંગે ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડના તા.૨૩/૫/૨૦૧૬ ના પત્ર નં. GPCB/RP-GEN-1/ ૩૫૬૮૫૬ થી પ્લાસ્ટીક કચરા વયવસ્થાપન નિયમો – ૨૦૧૬ની જોગવાઈના અમલીકરણ કરવાના પ્રકરણે સેની.જા.નં. ૮૯૧ તા.૭/૩/૨૦૧૭ વાળુ પ્રકરણ સામાન્ય સભામાં નિર્ણય અર્થે મુકવામાં આવતા તા.૨૯/૭/૨૦૧૭ ના જનરલ બોર્ડમાં ઠરાવ નં. ૩ થી થયેલ ઠરાવ – નિર્ણય અન્વયે પ્રાંત અધિકારીશ્રીના તા.૧૩/૧૦/૨૦૧૭ ના પત્ર અન્વયે ફેર વિચારણા કરતા પેટા ઠરાવ નં. ૨૪ તા.૫/૧/૨૦૧૮ થી થયેલ નિર્ણય અનુસાર કેન્દ્રીય વન પર્યાવરણ અને કલાઈમેન્ટ ચેન્જ મંત્રાલય દવારા કચરા વ્યવસ્થાપન નિયમો – ૨૦૧૬ તા.૧૮/૩/૨૦૧૬ ના જાહેરનામા તળે પ્લાસ્ટીક કચરા વ્યવસ્થાપન નિયમો – ૨૦૧૬ ના તમામ કાયદાની અમલવારી કરવા તથા પ્લાસ્ટીક કચરા વ્યવસ્થાપન નિયમો – ૨૦૧૬ ની જોગવાઈના અમલીકરણ કરવા બાબતે ઠરાવવામાં આવેલ છે.

જેતપુર નવાગઢ નગરપાલિકા વિસ્તારમાં ૫૦ માઈક્રોન થી નીચેના પ્લાસ્ટીક બનાવટની વસ્તુઓ વેચવા સ્ટોક રાખવા વપરાશ કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. તથા ૫૦ માઈક્રોનથી ઉપરનાં પ્લાસ્ટીક વેચાણ વપરાશ વિગેરે માટે ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦/– માસીક ફી ભરી નગરપાલિકા પાસેથી લાયસન્સ મેળવ્યા બાદ જ વેચાણ કે વપરાશ કે સ્ટોકે રાખી શકે. પ્લાસ્ટીક વપરાશથી પર્યાવરણ દુષિત થતુ હોય સાથોસાથ પ્લાસ્ટીકની ચા પ્યાલી, પાણીના પાઉચ તથા અન્ય પ્લાસ્ટીક જયાં ત્યાં ફેકવાથી ગટરો ભરાઈ જવાના તથા ભુગર્ભ ગટરોના મેઈન હોલ ભરાઈ જવાથી ગટરો જામ થઈ જાય છે તથા આવુ પ્લાસ્ટીક પશુધનના ખાવાથી પશુઓના મૃત્યુના કિસ્સા પણ બનતા હોય છે. આવા તમામ પરિબળો ધ્યાને લેતા ૫૦ માઈક્રોનથી નીચેના તમામ પ્રકારના પ્લાસ્ટીક (બેગ,ઝબલા અન્ય તમામ પ્લાસ્ટીક ચીજ વસ્તુઓ) સદંતર પ્રતિબંધિત કરવા તથા ૫૦ માઈક્રોનથી ઉપરનાં ખાધપદાર્થમાં વપરાતા પ્લાસ્ટીકના ઉત્પાદનો જેવી કે ચા ની પ્લાસ્ટીકની પ્યાલી,પાણીના પાઉચ,પાન ફાકીમાં વપરાતુ પ્લાસ્ટીક તમામને જેતપુર નવાગઢ નગરપાલિકા હદ વિસ્તારમાં સ્ટોકે રાખવા,વેચાણ,વપરાશ કરવા પ્રતિબંધ મુકવા સરકારશ્રીની સુચના થયેલ છે જે માટે જાહેરનામુ બહાર પાડી આવી વસ્તુઓ ઉપર પ્રતિબંધ મુકવો અને નીચે મુજબની વિગતે વહીવટી ચાર્જ વસુલવો.

| ક્રમ | વસ્તુનું નામ | દિ – ૧ નો ચાર્જ પ્રથમવાર | | દિ – ૧ નો ચાર્જ બીજીવાર | | દિ – ૧ નો ચાર્જ ત્રીજીવાર | |
|---|---|---|---|---|---|---|---|
| | | રેકડીવાળા/ પાથરણાવાળા | દુકાનદાર | રેકડીવાળા/ પાથરણાવાળા | દુકાનદાર | રેકડીવાળા/ પાથરણાવાળા | દુકાનદાર |
| ૧ | ૫૦ માઈક્રોનથી નીચેના તમામ પ્રકારનાં પ્લાસ્ટીક તથા પ્લાસ્ટીકની વસ્તુઓનો સ્ટોક, વેચાણ,વપરાશ બદલ | ૧૦૦/– | ૫૦૦/– | ૦.૫ થી ૧૦ કી.ગ્રા. ૨૦૦/– | ૧૦ કી.ગ્રા. થી વધુ ૧૦૦૦/– | ૦ થી ૧૦ કી.ગ્રા. ૩૦૦/– | ૧૦ કી.ગ્રા. થી ઉપર ૩૦૦૦/– |
| ૨ | ૫૦ માઈક્રોનથી ઉપર પ્લાસ્ટીક વસ્તુ સ્ટોક,વેચાણ,વપરાશ (ચા પ્યાલી,પાણીના પાઉચ,પાન ફાકી પ્લાસ્ટીક વિગેરે ખાધ પદાર્થમાં વપરાતુ પ્લાસટીક વસ્તુઓ) | ૨૫૦/– | ૭૫૦/– | ૩૦૦/– | ૧૦૦૦/– | ૩૦૦/– | ૫૦૦૦/– |
| ૩ | ૫૦ માઈક્રોનથી ઉપરનાં પ્લાસ્ટીક વેચાણ માટે નગરપાલિકા પાસેથી માસીક રૂ.૪૦૦૦/– ફી ભરી લાયસન્સ મેળવ્યા વગર પ્લાસ્ટીક વસ્તુઓનો સ્ટોક, વેચાણ વપરાશ બદલ. | ૫,૦૦૦/– | | ૭,૫૦૦/– | | ૧૦,૦૦૦/– | |

Scanned by CamScanner

ઉકત વિગતે ૫૦ માઈક્રોન ઉપરનું પ્લાસ્ટીક વેચાણ ,વપરાશ સ્ટોકે રાખવા નગરપાલિકાની સેનીટેશન શાખામાંથી રૂા.૪,૦૦૦/–(ચાર હજાર) ભરી લાયસન્સ મેળવવાનું રહેશે. અન્યથા ઉકત વિગતે વહીવટી ચાર્જ વસુલ કરવો અને પ્લાસ્ટીક જપ્ત કરવા અને જરૂર જણાયે સી.આર.પી.સી. એકટ કલમ ૧૩૩ મુજબ કાર્યવાહી કરવા અમારી દરખાસ્ત છે.

ઉપરોકત દરખાસ્ત સર્વાનુમતે મંજુર કરવામા આવે છે. આ ઠરાવ મુજબ અમલ કરવો, સબંધિતોને જાણ કરવી.

પ્રમુખ
જેતપુર નવાગઢ નગરપાલિકા

નકલ – જયભારત સાથ જાણ અર્થે રવાના :–

૧. પ્રાદેશિક કમિશ્નરશ્રી (નગરપાલિકાઓ),રાજકોટ ઝોન, રાજકોટ.

નકલ : – સેની. શાખા,એકા.શાખા,ઓડીટ શાખા,મુખ્ય શાખા, ઠરાવની ફાઈલે

Scanned by CamScanner